RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 262, Dt.25-12-2023 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# IT રિટર્નમાં બેંક ખાતા-રોકડ આવકની વિગત ફરજિયાત

## આવકવેરા વિભાગે વર્ષ ૨૦૨૪–૨૫ના નાણાંકીય વર્ષ માટે આઈટી રિટર્ન ફોર્મ જારી કર્યાઃ કરદાતાએ આખા વર્ષ દરમિયાન મળેલી રોકડ રકમ તથા તમામ બેન્ક ખાતાની વિગતો આપવી પડશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આવકવેરા વિભાગે ૨૦૨૪-૨૫ના નવા નાણાકીય વર્ષ માટે ઈન્કમટેક્સ રિટર્ન ફોર્મ જારી કરી દીધા છે. ઈન્કમટેક્સ રિટર્ન-૧ અને ૪ના ફોર્મ જારી કર્યા છે તેમાં કેટલાંક બદલાવ કરવામાં આવ્યા છે. કરદાતાને આખા વર્ષ દરમ્યાન મળેલી રોકડ રકમ તથા તમામે તમામ બેંક ખાતાની વિગતો માંગતી કોલમ ઉમેરવામાં આવી છે. ૫૦ લાખ સુધીની આવક ધરાવતા કરદાતાઓ માટે આઈટીઆર-૧ (સહજ) ફોર્મ હોય છે.




આ ફોર્મમાં એક કોલમ ઉમેરવામાં આવી છે. જેમાં કરદાતાએ તમામ બેંક ખાતાના પ્રકાર તથા તેમાં થયેલા વ્યવહારોની માહિતી આપવી પડશે. આ સિવાય ૫૦ લાખની સંયુક્ત આવક ધરાવતા હિન્દુ અવિભાજ્ય પરિવારો તથા સીમીત દેનદારી ભાગીદારી (એલએલપી) માટેના આઈટીઆર-૪ (સુગમ) ફોર્મમાં પણ એક કોલમ ઉમેરવામાં આવી છે જેમાં આખા વર્ષના રોકડ વ્યવહારોની માહિતી આપવાની થશે. ગત વર્ષે આ ફોર્મમાં કિપ્ટોકરન્સીના વ્યવહારોની કોલમ ઉમેરવામાં આવી હતી.

કરદાતા આ બન્ને ફોર્મ ઓફલાઈન કે ઓનલાઈન ભરી શકે છે. આવકવેરા વિભાગ દ્વારા એવું જણાવાયું છે કે ઓનલાઈન રિટર્ન દાખલ કરતી વખતે કરદાતાને આઈટીઆર-૧ તથા આઈટીઆર-૪ ફોર્મ પ્રિ-ફિલ્ડ મળશે. કુલ આવક, બચત, ટીડીએસ જેવી વિગતો ભરાયેલી જ હોય છે. કરદાતાએ ફોર્મ ૧૬, વાર્ષિક સુચના વિતરણ (એઆઈએસ) તથા ફોર્મ ૨૬ એએસ સાથે ચકાસણી કરવાની રહેશે.

## ઈવીએમના ગરબડનો આક્ષેપ કરતા સામ પિત્રોડા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાહુલ ગાંધીના વિશ્વાસુ અને નજીકના મિત્ર, ઓવરસીઝ કોંગ્રેસ અધ્યક્ષ સામ પિત્રોડાએ EVM પર સવાલો ઉઠાવ્યા છે અને દાવો કર્યો છે કે તેઓ ટૂંક સમયમાં આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો સાથે તેનો પર્દાફાશ કરવા જઈ રહ્યા છે. હકીકતમાં, રાજીવ ગાંધીના મિત્ર અને દેશમાં માહિતી ક્રાંતિના પિતા તરીકે ઓળખાતા સામ પિત્રોડા ઉર્ફે સત્યનારાયણ વિશ્વકર્મા યુપીએ સરકારમાં નોલેજ કમિશનના અધ્યક્ષ પણ હતા. તેમનું કહેવું છે કે તમારી અનુકૂળતા મુજબ ઈવીએમને નિયંત્રિત કરી શકાય છે. તેમાં હસ્તક્ષેપ શકય છે.



## ૯૦થી વધુ ગુજરાતીઓ સહિત ૩૦૩ મુસાફરો સાથેની ચાર્ટડ ફલાઈટને મુકત કરતું ફ્રાન્સ

### ૧૧ સગીર સહિત ૧૩ મુસાફરો હાલ કસ્ટડીમાં લેવાયાઃ ફલાઈટ નિકારાગુઆ જશે કે પરત દુબઈ તે અંગે અનિશ્ચિતતા

**મુખ્ય સમાચાર, પેરીસ**

૯૦થી વધુ ગુજરાતીઓ સહિત ૩૦૩ ભારતીયોને દુબઈથી નિકારાગુઆ લઈ જતા એ-૩૪૦ બોઈંગ વિમાનને માનવ તસ્કરીની આશંકાએ પેરીસ નજીકના એક વિમાની મથકે ત્રણ દિવસ રોકી રખાયા બાદ વિમાન તથા તેમાં પ્રવાસ કરતા તમામના પ્રવાસ દસ્તાવેજો ચકાસીને ફ્રેન્ચ સતાવાળાઓએ તેને મુક્ત કર્યુ છે. જો કે તે હવે નિકારાગુઆ જાય છે કે પછી દુબઈ પરત આવે છે તે હજુ નિશ્ચીત નથી.



રોમાનીયાની લેજેન્ડ એરલાઈનનું આ વિમાન દુબઈથી રવાના થયા બાદ તે ઈંધણ લેવા સહિતની કામગીરી માટે ફ્રાન્સના નવેટ્રીથ એરપોર્ટ પર રોકાયા બાદ માનવ તસ્કરીની આશંકાએ તેને તપાસ માટે રોકાયુ હતું. આશંકા હતી કે વિમાનના પ્રવાસીઓ લેટીન અમેરિકી દેશ નિકારાગુઆથી અમેરિકા કે કેનેડામાં ગેરકાનુની ઘુસણખોરી માટે લઈ જવાતા હતા. જો કે વિમાનને દુબઈ પરત મોકલાયુ છે કે નિકારાગુઆ અથવા ભારત પરત મોકલાઈ રહ્યું છે તે હજુ નિશ્ચીત થયુ નથી. વિમાનના પ્રવાસીઓ હિન્દી અને તામિલ બોલતા હતા અને તેઓએ પોતાના કુટુંબનો સંપર્ક કરવાની છુટ અપાઈ હતી. જેમાં ૧૦ મુસાફરોએ ફ્રાન્સમાં નશરણથ માંગ્યુ હતું.

વિમાનમાં ૧૧ સગીર પણ હતા તેઓને મુક્ત કરાયા છે કે કેમ તે નિશ્ચીત નથી. અન્ય બે ને શંકાસ્પદ ડોકયુમેન્ટથી પણ કસ્ટડીમાં મોકલાયા છે. આ ચાર્ટર્ડ વિમાન ઉડાડનાર કંપનીએ કોઈ માનવ તસ્કરી હોવાનો ઈન્કાર કર્યો છે અને તેથી એક સહયોગી વિમાની કંપનીએ આ ફલાઈટ ચાર્ટડ કરી હતી અને ફલાઈટના ૪૮ કલાક પુર્વે જ તમામ મુસાફરોના પાસપોર્ટ સહિતની માહિતી પણ રૂટ પર આપવામાં આવી હતી.

## દેશના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદી હજુ પણ ફેવરીટઃ રાહુલ ગાંધી બીજા નંબરે

### ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પૂર્વે સીવોટરના સર્વેમાં થયો ખુલાસોઃ ૫૯ ટકા ઈચ્છે છે કે નરેન્દ્ર મોદી પીએમ બને

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં લોકસભાની ચૂંટણી નજીક છે. બધી પાર્ટીઓએ ગ્રાઉન્ડ લેવલે તૈયારી શરૂ કરી દીધી છે. એક બાજુ ભાજપ સતા પર પુનરાગમન માટે કમર કસી રહી છે તો ઈન્ડીયા ગઠબંધન પણ જોરદાર ટક્કર માટે તૈયાર છે. દરમ્યાન એક સવાલ બધાના મનમાં છે કે લોકો આ વખતે પીએમ તરીકે કોને જોવા માગે છે. મોદીને કે રાહુલને હાલમાં જ સી વોટરે આખા દેશમાં એક સર્વે કર્યો હતો.

જેમાં સ્પષ્ટ બહાર આવ્યું હતું કે હજુ પણ લોકોની વહેલી પસંદ મોદી છે.હિન્દી પટ્ટી રાજયોમાં તો મોદીનો રાહુલથી ઉપર લીડ રાખી છે.સર્વેનાં આંકડા બતાવે છે કે ૫૯ ટકા લોકો હજુ પણ પીએમ તરીકે



મોદીને જ પસંદ કરે છે જયારે ૩૨ ટકા લોકો રાહુલ ગાંધીને તે પર જોવા માંગે છે. હાલમાં જ છતીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભાજપે પોતાની સરકાર બનાવી છે.આ સ્થિતિમાં આ ત્રણેય હિન્દી પટ્ટી રાજયોમાં પણ માહોલ મોદીના પક્ષમાં જોવા મળે છે. એમપીમાં ૬૬ ટકા લોકો મોદીને પીએમ તરીકે જોવા ઈચ્છે છે. જયારે રાહુલ ગાંધી માટે આ આંકડો ૨૮ ટકાનો છે. આજ રીતે છતીસગઢમાં ૬૭ ટકા લોકો મોદીને સપોર્ટ કરે છે.

અહી ૨૯ ટકા લોકો રાહુલ ગાંધીને પીએમ તરીકે જોવા માગે છે. રાજસ્થાનની વાત કરીએ તો ત્યાં ૬૫ ટકા મોદીને સમર્થન કરે છે જયારે ૩૨ ટકા રાહુલ સાથે છે. ઈન્ડીયા ગઠબંધન પીએમ માટે કોને ઉમેદવાર બનાવવો જોઈએ તેને લઈને સર્વેમાં રાહુલ ગાંધી હજુ આગળ જોવા મળી રહ્યા છે.૩૪ ટકા લોકોનો મત છે કે વિપક્ષે પીએમ પદ માટે રાહુલને ઉમેદવાર બનાવવા જોઈએ. મહત્વની વાત એ છે કે અહી બીજા ક્રમે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ છે. જેને ૧૩ ટકા લોકો પીએમ તરીકે જોવા માગે છે.

## ૩૧ ડિસે. પહેલાં ડીમેટ ખાતામાં નોમિનીનું નામ ઉમેરવું આવશ્યક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હવે ઘણા મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ થવામાં ૧૦ દિવસથી ઓછો સમય બાકી છે. જો તમારી પાસે ડીમેટ ખાતું છે અને હજુ સુધી તેમાં કોઈ નોમિની ઉમેર્યું નથી, તો ૩૧મી ડિસેમ્બર સુધીમાં કરી લો. આમ કરવામાં નિષ્ફળતા તમારા એકાઉન્ટને ફ્રીઝ કરવામાં પરિણમી શકે છે. આ સિવાય IDBI બેંકની સ્પેશિયલ ડિપોઝિટ સ્કીમ પણ આ મહિને સમાપ્ત થઈ રહી છે. અમે તમને આવા જ ૪ કાર્યો વિશે જણાવી રહ્યા છીએ જે તમારે ૩૧ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવાના છે.

સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) એ ડીમેટ એકાઉન્ટ અને મ્યુચ્યુઅલ ફંડ એકાઉન્ટમાં નોમિનીને ઉમેરવા માટે ૩૧ ડિસેમ્બર સુધીનો સમય આપ્યો છે. આ સિવાય, માર્કેટ રેગ્યુલેટરે ભૌતિક સુરક્ષા ધારકોને PAN, નોમિનેશન અને KYC વિગતો અપડેટ કરવા કહ્યું છે.



જો તમે હજી સુધી તમારા ડીમેટ ખાતામાં નોમિની ઉમેર્યા નથી, તો નવી સમયમર્યાદા સુધીમાં તે કરો, નહીં તો તમારું ખાતું સ્થિર થઈ શકે છે. એટલે કે ખાતું બંધ નહીં થાય, પરંતુ તમે તેમાંથી કોઈ રકમ ઉપાડી શકશો નહીં.

ભારતીય રિઝર્વ બેંક (RBI) એ તમામ બેંકોને તેમના ગ્રાહકોને બેંક લોકર્સ માટે નવા કરાર પર હસ્તાક્ષર કરવા જણાવ્યું છે. બેંકે આ કામ ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું છે. જો તમારી પાસે પણ કોઈ શાખામાં બેંક લોકર છે, તો ત્યાં જઈને તમારા નવા બેંક લોકર કરાર પર હસ્તાક્ષર કરો. નહિંતર તમને પછીથી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશને પેમેન્ટ એપ્સ વગેરેને એવા UPI IDને બંધ કરવા કહ્યું છે જે એક વર્ષથી એક્ટિવ નથી. UPI દ્વારા પેમેન્ટ કરનારા ગ્રાહકો પાસે ૩૧ ડિસેમ્બર સુધી તેમનું ID એક્ટિવેટ કરવાનું છે.

IDBI બેંક સ્પેશિયલ ડિપોઝિટ સ્કીમ અમૃત મહોત્સવ ચલાવી રહી છે. આમાં ૩૭૫ દિવસ અને ૪૪૪ દિવસની FDમાં રોકાણ કરવાનું રહેશે. ૩૭૫ દિવસની FD પર સામાન્ય નાગરિકોને ૭.૧૦% વ્યાજ,

જ્યારે વરિષ્ઠ નાગરિકોને ૭.૬૦% વ્યાજ આપવામાં આવશે. જ્યારે ૪૪૪ દિવસની FD પર સામાન્ય નાગરિકોને ૭.૨૫% વ્યાજ આપવામાં આવશે જ્યારે વરિષ્ઠ નાગરિકોને ૭.૭૫% વ્યાજ આપવામાં આવશે. આમાં ૩૧ ડિસેમ્બર સુધી રોકાણ કરી શકાય છે.

## ઉત્તર ભારતમાં તાપમાનનો પારો માઈનસમાં સરકયોઃ હિમાચલમાં હિમવર્ષાની આગાહીઃ દેશના અન્ય ભાગોમાં ઠંડીનું જોર વધ્યુ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. ઉત્તર અને મધ્ય ભારતના રાજ્યોમાં લઘુત્તમ તાપમાન ૬થી ૧૨ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે નોંધાયું હતું. આગામી બે-ત્રણ દિવસમાં તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થશે. ઘણા રાજ્યોમાં ગાઢ ધુમ્મસના કારણે વિઝિબિલિટી ઘટી છે.

તમિલનાડુના નીલગિરિસમાં રવિવારે (૨૪ ડિસેમ્બર) તાપમાન ૦ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું. જેના કારણે રસ્તાઓ અને વાહનો પર બરફ જમા થયો હતો. હવામાન વિભાગે આગામી ૫ દિવસ સુધી તમિલનાડુ, કેરળ અને કર્ણાટકમાં હળવા વરસાદની આગાહી કરી છે.



જમ્મુ-કાશ્મીર, લદાખ અને હિમાચલ પ્રદેશમાં આજે હળવા ઝરમર વરસાદ અને હિમવર્ષાની શકયતા છે. જમ્મુ-કાશ્મીરના ગુલમર્ગમાં શનિવારે (૨૩ ડિસેમ્બર) હિમવર્ષા થઈ હતી. આ પછી અહીં તાપમાન -૧.૫ ડિગ્રી નોંધાયું હતું.

અહીં આજે મધ્યપ્રદેશના અનેક શહેરોમાં ગાઢ ધુમ્મસ છવાયું હતું. ઠંડા પવનોને કારણે સૂર્યપ્રકાશની અસર પણ ઓછી થઈ હતી. જો કે, સક્રિય વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાત્રિ અને દિવસના તાપમાનમાં ૨થી ૮ ડિગ્રીનો વધારો થયો છે. હવામાન વિભાગે કહ્યું કે, ૨૬ ડિસેમ્બરથી રાજ્યમાં ઠંડી વધશે.

રાજસ્થાનમાં પણ તાપમાનમાં વધારો નોંધાયો છે. પશ્ચિમ અને ઉત્તર રાજસ્થાનના જિલ્લાઓમાં ધુમ્મસ છવાયેલું જોવા મળ્યું હતું. જયપુર, હનુમાનગઢ, શ્રીગંગાનગર, જોધપુર, બિકાનેર અને સીકર જેવા વિસ્તારોમાં વિઝિબિલિટી ૨૦૦થી ૪૦૦ મીટર હતી. ધુમ્મસના કારણે ત્રણ માર્ગ અકસ્માતો પણ સર્જાયા હતા.

IMD અનુસાર, ૨૪ ડિસેમ્બરે આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, ત્રિપુરા અને મિઝોરમમાં કરા અને વીજળી સાથે વાવાઝોડાની સંભાવના છે. કેટલીક જગ્યાએ હળવો વરસાદ પણ પડી શકે છે.પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી, ઓડિશા, બિહાર, પશ્ચિમ બંગાળ, સિક્કિમમાં ઠંડીની સાથે ગાઢ ધુમ્મસ પણ રહેશે. ૨૫ ડિસેમ્બરે પંજાબ, હરિયાણા, દિલ્હી અને ચંદીગઢમાં ગાઢ ધુમ્મસ રહેશે.

## જમ્મુ–કાશ્મીરમાં આતંકીઓની નાપાક હરકત, મસ્જિદમાં અઝાન આપી રહેલા પૂર્વ SSPને ગોળી મારી

### સારવાર દરમિયાન SSPએ જીવ ગુમાવ્યોઃ સૈન્યએ સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી લીધી

**મુખ્ય સમાચાર, જમ્મુ**

જમ્મુ-કાશ્મીરમાં ફરી એકવાર આતંકીઓએ નાપાક હરકત કરતાં બારામુલ્લાના ગેંટમુલ્લા, શીરી ખાતે એક સેવાનિવૃત્ત પોલીસ અધિકારી મોહમ્મદ શફીની ગોળી મારી હત્યા કરી દીધી હતી. તેઓ મસ્જિદમાં જ્યારે અઝાન આપી રહ્યા હતા તે સમયે જ આ કૃત્ય કરાયું હતું અને તેમને ગોળી ધરબી દેવામાં આવી. આ દરમિયાન ઘાયલ થયા હતા જે બાદમાં સારવાર વખતે મૃત્યુ પામી ગયા.

આ આતંકી હુમલાના તાત્કાલિક બાદ



સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારે ઘેરી લીધો હતો અને હુમલામાં સામેલ આતંકીઓને પકડી પાડવા માટે શોધખોળ અભિયાન હાથ ધર્યું હતું. જમ્મુ-કાશ્મીર પોલીસે આ મામલે ટ્વિટ પણ કરી હતી અને લોકોને આ વિસ્તારથી દૂર રહેવા સલાહ આપી હતી.

ઉલ્લેખનીય છે કે ગુરુવારે રાતે રાજૌરીમાં આતંકીઓએ સૈન્યના બે વાહનો પર ઓચિંતો હુમલો કરી દીધો હતો. જેમાં ૪ જવાનો શહીદ થયા હતા અને ૩ ઘવાયા હતા.

## લોકસભાની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂઃ પાંચ રાજ્યમાં કોને કેટલી બેઠક મળશે કરાયો સર્વે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી વર્ષ એપ્રિલ કે મે મહિના દરમિયાન લોકસભા ચૂંટણી થવાની શક્યતાઓ છે. ૧૭મી લોકસભાનો કાર્યકાળ ૧૬ જૂન ૨૦૨૪એ પૂર્ણ થશે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ની તૈયારીમાં ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ રાજકીય પક્ષ તનતોડ મહેનત કરી રહ્યા છે.

સૂત્રોના અનુસાર, ભાજપ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મોટી જીત દાખલ કરવાનું લક્ષ્ય લઈને ચાલી રહી છે. વડાપ્રધાન મોદીએ પાર્ટીના પ્રમુખ નેતાઓ સાથે વોટ ટકાવારી ૧૦ ટકા વધારવાની દિશામાં કામ કરવા માટે કહ્યું છે. ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે ૩૭ ટકાથી વધુ અને તેના નેતૃત્વ વાળા ગઉઅને અંદાજિત ૪૫ ટકા વોટ મળ્યા હતા.



ત્યારે, શનિવાર (૨૩ ડિસેમ્બર)એ પાર્ટીની બે દિવસીય મંથન બેઠકના સમાપન પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાષ્ટ્રીય પદાધિકારીઓ અને પ્રદેશ અધ્યક્ષોને કહ્યું કે, ભાજપનું એવું પ્રદર્શન હોવું જોઈએ કે, વિપક્ષ સ્તબ્ધ થઈ જાય.

બીજી તરફ લોકસભા ચૂંટણીની તૈયારી કરી રહેલી કોંગ્રેસ પણ એક્શન મોડમાં જોવા મળી રહી છે. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ શનિવારે ૧૨ મહાસચિવો અને ૧૨ પ્રદેશ પ્રભારીઓની નિમણૂંક કરી.

લોકસભા ચૂંટણીને લઈને અઇડ ન્યૂઝના ઈ-Voterએ પહેલો ઓપિનિયન પોલ કર્યો છે, જેમાં પાંચ રાજ્ય- મધ્યપ્રદેશ, છત્તીસગઢ, રાજસ્થાન, કર્ણાટક અને તેલંગાણાની લોકસભા સીટો અને વોટ શેરને લઈને અંદાજ લગાવાયો છે. લોકોએ ચોંકાવનારી પ્રતિક્રિયા આપી છે. મધ્યપ્રદેશમાં લોકસભાની ૨૯ બેઠકો, છત્તીસગઢમાં ૧૧, રાજસ્થાનમાં ૨૫, કર્ણાટકમાં ૨૮ અને તેલંગાણામાં ૧૭ બેઠકો છે. આ પાંચેય રાજ્યોની કુલ બેઠકો ૧૧૦ થાય છે.

# દ્વારકામાં ૩૭ હજારથી વધુ આહીરાણીઓએ પારંપરિક રાસ રમી ઈતિહાસ રચ્યો







**મુખ્ય સમાચાર, જામનગર**

દ્વારકામાં ઐતિહાસિક ધર્મમય માહોલ વચ્ચે સદીઓ જૂની પરંપરાને ઉજાગર કરતો અનોખો વિક્રમ સર્જાયો છે. એક સાથે એક જ મેદાનમાં ૩૭,૦૦૦ થી વધુ આહિર મહિલાઓએ ભગવાન શ્રીકૃષ્ણ માટે રાસ રમીને અનોખી ભક્તિ કરી હતી. જેણે સમગ્ર વિશ્વ માટે એક સંદેશો છોડી અને સદીઓ જૂની પરંપરા જીવંત કરી દીધી હતી.સહિતના ૩૭ જેટલા પ્રાચીન અને પરંપરાગત કૃષ્ણ રાસના તાલે આહિર જ્ઞાતિના મહિલાઓ, બહેનોએ ખૂબ જ સુંદર રીતે ધાર્મિક માહોલમાં રાસ રજૂ કર્યા હતા. આ વિશાળ ગ્રાઉન્ડમાં ૬૮ જેટલા ગોળ રાઉન્ડમાં આહિરાણીઓએ રમેલા આ મહારાસ દરમિયાન સંપૂર્ણપણે મૌનવ્રત તેમજ ઉપવાસ ધારણ કરી, કૃષ્ણ ભક્તિમાં લીન બન્યા હતા. પરંપરાગત પહેરવેશ તેમજ સુંદર આભૂષણો સાથે રાસ રમતા મહિલાએ પ્રાચીન પરંપરા ઉજાગર કરી હતી. આ દરમિયાન આહિર સમાજના લોકો દ્વારા કોઈપણ પ્રકારના ભેદભાવ વગર એક સાથે આ આયોજનમાં સહભાગી થઈ અને કૃષ્ણભક્તિની આ પ્રવૃત્તિને બિરદાવી હતી.આ આયોજન દરમિયાન જ્ઞાતિના ૧૫૦ જેટલા ડોક્ટરોની ટીમ પણ તબીબી સારવાર માટે ખડે પગે રહી હતી.આટલું જ નહીં, બે દિવસ દરમિયાન લાખો લોકોએ સમૂહમાં ભોજન પણ લીધું હતું. જે માટે કાર્યકરોની ટીમની જહેમત પણ કાબિલેદાદ બની રહી હતી. ધાર્મિકતા સાથે સમાજ સંગઠન અને સ્વયંસિસ્તનો આ સમન્વય વિશ્વવિક્રમ રૂપ બની રહ્યો હતો.આ આયોજનમાં ભગવાન શ્રીકૃષ્ણની વિશાળ મૂર્તિ તેમજ સાથે રાષ્ટ્રધ્વજ અને ધર્મધ્વજને ફરકતો રાખવામાં આવ્યો હતો. આ મહારાસની પૂર્ણાહુતિ બાદ આહીર સમાજના શ્રેષ્ઠિઓ, આગેવાનો, નેતાઓ, કાર્યકરો વિગેરે દ્વારા વિશ્વ શાંતિ માટે રેલી સ્વરૂપે આ મહારાસ ભગવાન શ્રીકૃષ્ણને અર્પણ કરવામાં આવ્યો હતો.

# જામનગરમાં એમ.પી. શાહ ઉદ્યોગ નગરમાં આવેલી ગોપી ડેરી પ્રોડક્ટમાં વિજ ચેકિંગ દરમિયાન અધધધ રૂ.30 લાખની વીજ ચોરી પકડાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એમ.પી. શાહ ઉદ્યોગ નગર વિસ્તારમાં આવેલા ગોપી ડેરી પ્રોડક્ટ નામની ફેક્ટરીમાં ગઈ મોડી રાત્રે પૂર્વ માહિતીના આધારે વિજ ચેકિંગ કર્યું હતું, અને ફેક્ટરી માંથી રૂપિયા ૩૦લાખની મસમોટી વિજ ચોરી પકડી પાડવામાં આવી છે. પી.જી.વી.સી.એલ. ના ટ્રાન્સફોર્મર ના ડીબી બોક્સમાંથી ૨૦ મીટર લાંબો કેબલ ખેંચીને વીજ ચોરી કરાતી હોવાનું માલુમ પડ્યું હતું. તે અંગે વિજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.જામનગરની પીજીવીસીએલ વર્તુળ કચેરીના વિજ અધિકારીઓને



ચોક્કસ માહિતી મળી હતી, કે જામનગરમાં એમ.પી. શાહ ઉદ્યોગ નગર વિસ્તારમાં આવેલી ગોપી ડેરી પ્રોડક્ટ્સ નામની ફેક્ટરીમાં ગેરકાયદેસર વધારા નો કેબલ જોડીને મોટા પાયે વિજ ચોરી કરવામાં આવી રહી છે.જે માહિતીના આધારે ગઈકાલે રાત્રિના ૧૧.૦૦ વાગ્યાના અરસામાં જીયૂવીએનએલ ની આઈ.સી. સ્ક્વોર્ડ ના નાયબ ઇજનેર એમ. ડી. પટેલ તથા જુનિયર ઈજનેર કે.પી.પીપરોતર અને સાત રસ્તા સબ ડિવિઝન ના નાયબ ઇજનેર પી. જી. શાહ સહિતની ટુકડીએ ઉપરોક્ત ફેક્ટરીમાં દરોડો પાડ્યો હતો. જે ચેકિંગ દરમિયાન વીજ ગ્રાહક દ્વારા પોતાની ફેક્ટરીની બહાર આવેલા પીજીવીસીએલ ના વીજ ટ્રાન્સફોર્મર ના ડીબી બોક્સમાંથી એક વધારા નો કેબલ ખેંચીને તેને ભૂંગળીમાંથી પસાર કરી, છેક મીટર સુધી લઈ જવાયો હતો, અને મીટરને બાયપાસ કરીને વીજ ચોરી કરવામાં આવતી હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.આથી વીજ ચેકિંગ ટુકડી દ્વારા સ્થળ ઉપર વિડીયોગ્રાફી, ફોટોગ્રાફી તેમજ રોજકામ, પંચનામુ કરીને મીટર, સર્વિસ વાયર કબજે કરી લેવાયા છે, અને વીજચોરી માં વપરાયેલો વધારા નો કેબલ પણ જપ્ત કરાયો છે. સાથોસાથ સ્થળ પરનું વીજ જોડાણ કટ કરી નાખવામાં આવ્યું છે.

ઉપરોક્ત પેઢીના સંચાલકો સામે વીજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જ્યારે આસામીને રૂપિયા ૩૦ લાખનું પુરવણી બિલ પણ આપવામાં આવ્યું છે. આ વીજ ચોરીની કાર્યવાહીથી એમ. પી. શાહ ઉદ્યોગ નગરમાં ફફડાટ મચી ગયો હતો.વીજ ચોરી નાબૂદ કરવા તથા વીજ લોસ ઘટાડવાની ઝુંબેશના ભાગ રૂપે, કડક કાર્યવાહી અંતર્ગત આ યુનિટમાં પાવર સપ્લાય કરતું ટ્રાન્સફોર્મર પણ પેટા વિભાગ દ્વારા ઉતારી લેવામાં આવેલ છે.

# ઉનાની એપલ જુનિયર કેજી સ્કૂલમાં નાતાલના પર્વની કરાઈ ભવ્ય ઉજવણી


**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**

**ઊના:** ઉનામાં આવેલ એપલ જુનિયર કેજી સ્કૂલ માં આજે નાતાલ લઈને એ ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં વિવિધ વાનગીઓના કાઉન્ટર લગાવવામાં આવ્યા હતા અને ખૂબ મોટી સંખ્યામાંતે સ્કૂલમાં ભણતા બાળકો અને તેમના માતા પિતા આવ્યા અને વિવિધ વાનગીઓના જે કાઉન્ટર હતાતે કાઉન્ટર ઉપર જય વાનગીઓની મજા મળી અને બાળકોએ પણ ખૂબ સેલ્ફી અને ફોટા પડાવ્યા એપલ જુનિયર કેજી સ્કૂલ છેલ્લા ત્રણ વર્ષથી આ કાર્યરત છે અને છેલ્લા ત્રણ વર્ષથી કાર્યક્રમ કરે છે જ્યારે સ્કૂલના સ્થાપક કરિશ્મા બેને જણાવ્યા મુજબ આ સંપૂર્ણ શ્રેય મારા માતા પિતા પર જાય છે જે મને અહીં થકી પહોંચાડી છે વધુમાં જણાવ્યું એજ્યુકેશન વિશે પણ તેઓએ સારો સંદેશો પણ આપ્યો હતો અને આ કાર્યક્રમ આવતા









મહેમાનો પણ એપલ જુનિયર કેજી સ્કુલની મુલાકાત લીધી હતી અને સ્કૂલને બિરદાવી હતી અને અંતે આ કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# જેએમસી દ્વારા પ્રિ- વાઈબ્રન્ટ એક્ટિવિટીના ભાગરૂપે મેરેથોન રન ફોર ફનનો કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગુજરાત સરકારની વાઇબ્રન્ટ સમિટ ને ૨૦ વર્ષ પૂર્ણ થતા હોય પ્રિ- વાઇબ્રન્ટ એક્ટિવિટી અંતર્ગત જામનગર મહાનગરપાલિકા જામનગર સાયકલિંગ ક્લબ- JCC , ઓશવાળ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા મેરેથોન રન ફોર ફન દોડનું આયોજન કરવામાં આવ્યું હતું.જામનગર મહાનગરપાલિકા દ્વારા આયોજિત મેરેથોન દોડમાં ૨૦ કિલોમીટર ૧૦ કિલોમીટર અને પાંચ કિલોમીટર સુધીના રૂટ નક્કી કરવામાં આવ્યા હતા. જેમાં ૨૦ કિલોમીટર માં અંદાજિત ૨૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો તેમ જ ૧૦ સળ માં અંદાજિત ૫૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, તેમજ ૫ કિલોમીટર મેરેથોન દોડમાં અંદાજિત ૧૨૦૦ થી ૧૫૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ મેરેથોન દોડમાં શહેરના રાજકીય આગેવાનો તેમજ જામનગર મહાનગરપાલિકા ના અધિકારીઓ દ્વારા લીલી ઝંડી આપી







મેરેથોન દોડને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું, પ્રથમ ૨૦ કિલોમીટર દોડના સ્પર્ધકો ત્યારબાદ ૧૦ કિલોમીટર દોડના સ્પર્ધકો અને ત્યારબાદ ૫ કિલોમીટર દોડના સ્પર્ધકોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. તમામ સ્પર્ધકોને ટી-શર્ટ તેમજ સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. અંદાજિત ૨૦૦૦ થી ૨૫૦૦ જેટલા જુદા- જુદા વિભાગમાંથી સ્પર્ધકોએ ભાગ લીધો હતો , જેમાં નેવી, આર્મી, એન.સી.સી., હોમગાર્ડ, પોલીસના જવાનો તેમજ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ટ્રેનરો અને સાધકો તથા નગરના ઉત્સાહી બાળકો, ભાઈઓ, બહેનો જોડાયા હતા. આ કાર્યક્રમમાં મેયર, ધારાસભ્ય, સ્ટે. કમિટીના ચેરમેન, દંડક, જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી. એન. મોદી , ઇન્ચાર્જ ડેપ્યુટી કમિશનર ભાવેશભાઈ જાની, જામનગર ચીફ ચીફ ફાયર ઓફિસર કે.કે. બિસનોઈ , જામનગર મહાનગરપાલિકા સાંસ્કૃતિક સમિતિના ચેરપર્સન જીતેશભાઈ શિંગાળા , ૨૭ ગુજરાત બટાલિયન એન.સી.સી.ના કેપ્ટન પ્રભાંસુ અવસ્થિ.હરિયા કોલેજ, ગુજરાત રાજ્ય યોગ બોર્ડના સૌરાષ્ટ્ર ઝોન કો- ઓર્ડીનેટર પ્રીતિબેન શુક્લા, કોર્પોરેટરઓ સહિતના જામનગર મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહી તમામ સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો, આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે કો- ઓર્ડીનેટર તથા નાયબ એન્જિનિયર અનિલભાઈ ભટ્ટ, ઊર્મિલભાઈ દેસાઈ એ જહેમત ઉઠાવી હતી.

# જામનગરની ગુરૂ ગોવિંદસિંઘ હોસ્પિટલમાં રૂ.૧૩ કરોડથી વધુના ખર્ચે ફાળવવામાં આવેલ નવા આધુનિક એમ.આર.આઈ. મશીન બંધ: દર્દીઓને ખાનગી હોસ્પિટલના ધક્કા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની જી.જી.હોસ્પિટલમાં ચાર દિવસથી એમઆરઆઇ મશીન બંધ હોવાથી દર્દીઓને ખાનગી હોસ્પિટલના ધક્કા થઇ રહ્યા છે. ટેક્નીકલ ક્ષતિના કારણે આ સમસ્યા સર્જાઇ છે. જામનગરની સરકારી જી.જી.હોસ્પિટલમાં થોડા સમય પૂર્વે.૧૩ કરોડો રૂપિયાના ખર્ચે એમઆરઆઇ મશીનની સુવિધા ઉભી કરવામાં આવી છે.







પરંતુ છેલ્લાં ચાર દિવસથી જી.જી.હોસ્પિટલમાં એમઆરઆઇ મશીન બંધ છે. ટેક્નીકલ ક્ષતિના કારણે આ સમસ્યા સર્જાઇ છે. જેના કારણે દર્દીઓને ફરજીયાત પણે મસમોટો ખર્ચે ખાનગી હોસ્પિટલોમાં એમઆરઆઇ કરાવાની ફરજ પડી રહી છે. આટલું જ નહીં સમયનો પણ વ્યય થઇ રહ્યો છે. જેના કારણે દર્દીઓમાં ભારે રોષની લાગણી ફેલાઇ છે.

# મહર્ષિ દયાનંદ સરસ્વતીની ૨૦૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે મોરબીમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં યોજાયો ૧૧૦૦ કુંડી મહાયજ્ઞ

## મહર્ષિ દયાનંદ સસ્વતીનું જન્મસ્થળ ટંકારા પરમ શ્રધ્ધાનું કેન્દ્ર: મહર્ષિ દયાનંદજીએ સમાજના કુરિવાજો દૂર કરીને પૂજાની પ્રાચીન પરંપરા 'યજ્ઞ'ને પુનઃ જીવંત કરેલ: આર્ય સમાજના અનેક વિદ્વાનો - અનુયાયીઓએ ભારતિય સંસ્કૃતિને જીવંત રાખવામાં આપ્યું છે યોગદાન: રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબી ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી દ્વિ-શતાબ્દી જન્મ જયંતિ મહોત્સવ દ્વારા આયોજિત ધર્મસભા સમરોહમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, ''મોરબી અને ટંકારા મારા સહિત અનેક લોકો માટે પરમ શ્રદ્ધાનું કેન્દ્ર છે. ટંકારાની પવિત્ર ભૂમિ પર મહર્ષિ દયાનંદ સરસ્વતીનો જન્મ થયો હતો. તેઓએ વિદ્યાપ્રાપ્ત કરવા માટે અનેક પ્રયત્નો કર્યા હતા. બાદમાં તેઓએ વેદોનું જ્ઞાન મેળવ્યું હતું. મહર્ષિ દયાનંદ સરસ્વતીએ સમાજના કુરિવાજો, સતીપ્રથા, અસ્પૃશ્યતા, સ્ત્રીઓને શિક્ષણથી વંચિત રાખવી, વિદેશની ગુલામીમાંથી મુક્તિ જેવી કુરીતોનું નિરાકરણ કરી સમાજને નવી દિશા આપી કુરિવાજોમાંથી મુક્તિ અપાવી છે. મોરબીમાં યોજાયેલ ૧૧૦૦ કુંડી મહાયજ્ઞ મનુષ્યને ભગવાન સુધી પહોંચાડવાનો રસ્તો પ્રસ્થાપિત કરનાર યજ્ઞ છે. યજ્ઞએ બહુ મોટું વિજ્ઞાન છે. યજ્ઞથી આજુબાજુનું વાતવરણ પવિત્ર થાય છે. યજ્ઞને આદિકાળથી ઋષિઓએ મહાન અને પવિત્ર કાર્ય ગણાવ્યું છે. પ્રાચીન ભારતમાં રાજા મહારાજાઓ ઋષિઓને આમંત્રણ આપી યજ્ઞ કરતા હતા.











રાજ્યપાલશ્રીએ આ સંદર્ભે વધુમાં કહ્યું હતું કે, ''વેદોના મંત્રોથી કુરિવાજોની આહુતિ આપી યજ્ઞને પુન: પ્રસ્થાપિત કરવાનું કાર્ય મહર્ષિ દયાનંદ સરસ્વતીએ કર્યું હતું. પ્રાચીન ભારતમાં સ્ત્રીઓને વેદનું જ્ઞાન આપવામાં આવતું હતું અને તેમનું સમ્માન કરવામાં આવતું હતું. પરંતુ મધ્યકાળમાં વિદેશીઓ અને અંગ્રેજોની ગુલામીમાં સ્ત્રીઓ સાથે અન્યાય થયો હતો. દયાનંદજીએ નારીઓનું પુન સમ્માન અપાવ્યું હતું. અનેક ક્રાંતિકારીઓ જેમાં ભગતસિંહ, લાલા લજપતરાય જેવા ક્રાંતિકારીઓએ દયાનંદ સરસ્વતીના વિચારોમાંથી પ્રેરણા લઇ દેશ માટે પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા. દયાનંદ સરસ્વતી તેઓના 'સત્યાર્થ પ્રકાશ' નામના ગ્રંથમાં સ્વદેશી વસ્તુઓ અપનાવવાની વિચારધારા તેઓએ રજૂ કરતા લોકોમાં સ્વદેશ અને રાષ્ટ્રપ્રેમનો ભાવ ઉભો થયો છે.

રાજ્યપાલશ્રી સજીવ ખેતી વિશે જણાવ્યું હતું કે, ''આપણા દેશમાં હરિયાળી ક્રાંતિ સાથોસાથ સજીવ ખેતીને બદલે રસાયણિક ખેતી વધુ થવાથી લોકોના આરોગ્યને નુકશાન થવા લાગ્યું. આપણી પ્રાચીન પરંપરા સજીવ ખેતી હતી. જે શરીરને શુદ્ધ કરે છે. તે રીતે ભારતીય વેદોમાં પર્યાવરણને શુદ્ધ કરવાની પરંપરા છે. જે જલ દેવને પ્રસન્ન કરે છે અને વરસાદ લાવે છે. વાતાવરણને શુદ્ધ કરે છે. વધુમાં આચાર્યશ્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સૂક્ષ્મ નેતૃત્વમાં દેશ તેજ ગતિથી આગળ વધી રહ્યો છે. દુનિયાની ત્રીજી આર્થિક વ્યવસ્થા બનવા જઇ રહી છે. ત્યારે એમાં આપણે સૌ સંગઠિત બનીને એકતાની આહુતિ આપીએ. પ્રકૃતિનું સંરક્ષણ કરીને, દુ:ખીઓની સેવાઓ કરવી જોઇએ. સમારોહ પહેલા રાજ્યપાલશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. આર્ય મહામંડળની બહેનો દ્વારા મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના ઋણ ઉજાગર કરતું ગીત, આર્ય વિદ્યાલય ટંકારાની વિદ્યાર્થીનીઓ દ્વારા અભિનય ગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ અવસરે સમિતિના મહામંત્રીશ્રી રમેશભાઈ બાવરવાએ ૧૧૦૦ કૂંડી યજ્ઞનું મહત્વ સમજાવી મોરબીમાં આર્ય સમાજ બનાવવા રૂ.૧૧ લાખના દાનની જાહેરાત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે મોરબી જિલ્લો સિરામિક, ઘડિયાળનાં ઉદ્યોગથી જગ પ્રસિદ્ધ છે. ત્યારે આ જ જિલ્લાનાં ટંકારામાં સરકાર દ્વારા ૧૫ એકર જમીન રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવી છે. જ્યાં મહર્ષિ દયાનંદ સરસ્વતીનું ભવ્ય સંકુલ નિર્માણ પામશે. આ કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત આર્ય સમાજ દક્ષિણ પ્રમુખશ્રી મહેશભાઈ ભોરણીયા દ્વારા તેમજ બોટાદ ભજનાનંદ આશ્રમના મહંતશ્રી આત્માનંદ સરસ્વતીજી દ્વારા પ્રાસંગિક પ્રવચન આપવામાં આવ્યુ હતું. કાર્યક્રમમાં હિમાચલ પ્રદેશથી પધારેલા પૂજ્યશ્રી આચાર્ય આર્યનરેશ, સાંસદ શ્રી મોહનભાઈ કુંડારિયા, રાજ્યસભાના સદસ્યશ્રી કેસરીદેવસિંહ ઝાલા, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી હંસાબેન પારેઘી, ધારાસભ્ય સર્વશ્રી શ્રી કાંતિભાઈ અમૃતિયા, શ્રી દુર્લભજીભાઈ દેથરીયા, શ્રી પ્રકાશભાઈ વરમોરા, કલેકટરશ્રી જી.ટી. પંડ્યા, ઇન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી શ્રી નવલદાન ગઢવી, પૂર્વમંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજા, સમિતિના પ્રમુખશ્રી જયંતિભાઈ રાજકોટિયા, આર્યસમાજના અગ્રણીશ્રીઓ શ્રી માવજીભાઈ દલસાણીયા, પશ્ચિમ ક્ષેત્રના સરસંચાલકશ્રી ડો.જયંતીભાઈ ભાડેસીયા, દાતાશ્રીઓ, આગેવાનશ્રીઓ, અધિકારીશ્રીઓ, મોરબીવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરના બાળ કલાકારનો વિકસિત ભારત સંકલ્પ યાત્રા માટે ખાસ સંદેશો

## વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં મહત્તમ ગ્રામજનો ભાગ લે અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ થકી લાભાન્વિત બને: બાળ કલાકાર ભાવિન રબારી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત કરવામાં આવી છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા જામનગર જિલ્લાના દરેક ગામમાં પરિભ્રમણ કરી રહી છે. ત્યારે જામનગર તાલુકાના વસઈ ગામમાં બાળ કલાકાર ભાવિન રબારી પણ આ યાત્રામાં સહભાગી અને આ યાત્રામાં મહત્તમ ગ્રામજનો ભાગ લે તેમજ રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ થકી લાભાન્વિત બને તેવો સંદેશો રજૂ કર્યો હતો. ભાવિન રબારીએ સમગ્ર જામનગર જિલ્લાને વૈશ્વિક સ્તરે અનોખું ગૌરવ અપાવ્યું છે, અને બોલીવુડની વિશાળ દુનિયામાં પોતાના અભિનયના ઓજસ પાથર્યા છે.જામનગર તાલુકાના વસઈ ગામમાં કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું આયોજન થયું હતું. જેમાં વસઈ ગામના રહેવાસી અને બાળ કલાકાર





ભાવિન રબારીએ જણાવ્યું હતું કે,વિકસિત ભારત સંકલ્પ યાત્રા રાજ્યના દરેક ગામમાં જઈને લોકોને જાગૃત કરવાનું ઉમદા કામ કરી રહી છે. જે નાગરિકોની આર્થીક પરિસ્થિતિ નબળી હોય, જેઓ અવર જવર કરી શકવા માટે સક્ષમ ના હોય તેમના માટે આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન ઘણું લાભદાયક છે. નાગરિકો આયુષ્માન કાર્ડ, પ્રધાનમંત્રી આવાસ યોજના અને આવી અનેકવિધ યોજનાઓના લાભ મેળવે અને મહત્તમ નાગરિકો આ પ્રકારના આયોજનથી લાભાન્વિત બને, તે એક સ્તુત્ય પગલું છે.'ઉલ્લેખનીય છે કે, બાળ કલાકાર ભાવિન રબારીએ વર્ષ ૨૦૨૧ માં છેલ્લો શો માં બખૂબી ભૂમિકા ભજવી હતી. જેને પગલે તેમની આ મુવી ફિલ્મ જગતના સૌથી ઉચ્ચ પુરસ્કાર માનવામાં આવતા ઓસ્કાર એવોર્ડ્સ અને એકેડમી એવોર્ડ શોઝ સુધી ચર્ચિત રહી હતી. તેમને ચાલુ વર્ષ ૨૦૨૩ માં ૨૭મો સેટેલાઈટસ એવોર્ડ અને દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે નેશનલ ફિલ્મ એવોર્ડ પ્રાપ્ત થયો છે. જામનગરની આવી અનોખી બાળ પ્રતિભા વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાર્યક્રમમાં સંમિલિત બને છે, તે જ આ કાર્યક્રમની સફળતા અને લોકપ્રિયતા દર્શાવે છે..

# ઈસુના આગમનના વધામણાઃ શહેરના તમામ ચર્ચમાં યોજાયા ભક્તિસભર કાર્યક્રમ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સહિત સમગ્ર ગુજરાતમાં ભગવાન ઈસુના જન્મના વધામણા ખ્રિસ્તી પરિવાર દ્વારા અત્યંત ભાવ સભર વાતાવરણમાં કરવામાં આવ્યા હતા શહેરમાં આવેલ તમામ ૨૪ ચર્ચમાં રાત્રિના બાર ના ટકોરે ભગવાન ઈસુના આત્માને વધારવામાં આવ્યું હતું ભાઈ બહેનોએ આ પ્રસંગે એકબીજાને શુભેચ્છા ની આપ લે કરી હતી તમામ ચર્ચમાં રોશની નો શણગાર કરાયો હતો આજથી આઠ દિવસ માટે તમામ ચર્ચમાં ભક્તિ સભર કાર્યક્રમ યોજાશે. રાજકોટમાં મોચી બજાર નજીક આવેલા સૌથી જુના ઈમાકુલેટ કનએશન કથોલીક આઝાદી પહેલા આ ચર્ચની સ્થાપના થઈ હતી. ચર્ચ સાથે આ વિસ્તારમાં રહેતા ઘણા ખ્રિસ્તી પરીવારો જોડાયેલા છે. શહેરમાં જુદા જુદા ૨૦ થી ૨૧ ચર્ચમાં પ્રભુ ઈસુનો જન્મદિન તા. ૨૪ ના મધરાતે ઉજવણી બાદ આજે તા. ૨૫ ડીસેમ્બરના નાતાલ પર્વની ધામધૂમથી ઉજવણી થઇ રહી છે, આ ઉપરાંત ક્રાઈસ્ટ કોલેજ ખાતે ત્રણ દિવસ સાંજે ૬ વાગ્યાથી અવનવા કાર્યક્રમો યોજયા છે.

## ગાંધીનું ગુજરાત સંતો અને મહંતોની ભૂમિ છે અહીં દારૂની જરૂર નથીઃ રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ દ્વારા કરાયો વિરોધ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**રાજ્ય સરકાર દ્વારા બે દિવસ પહેલા ગાંધીનગરમાં આવેલ ગિફ્ટ સિટીમાં કાયદાને અનુલક્ષીને દારૂ પીરસવાની છૂટ આપવામાં આવી છે જેને લઈ આજે રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો મહિલા કોંગ્રેસના સદસ્યોએ જણાવ્યું હતું કે ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે તે યોગ્ય જ છે ગુજરાત સંત મહંતોની ભૂમિ છે લોકોને દારૂની નહિ પરંતુ દૂધની જરૂર છે તેઓએ જણાવ્યું હતું કે દારૂની છૂટથી મહિલાઓ ઉપર અત્યાચાર વધશે જેથી દારૂ પર પ્રતિબંધ યથાવત રાખવો જોઈએ.**

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વરદ હસ્તે ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ ૨.૦નો ભવ્ય શુભારંભ

**મુખ્ય સમાચારલ, રાજકોટ**


મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટ ખાતેથી ''ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ (G3Q 2.0)'' નો વિધિવત રીતે શુભારંભ કરાવ્યો હતો. રાજકોટના શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આપણા વિદ્યાર્થીઓ-યુવાનો દેશ-દુનિયાના પ્રવાહોથી સતત અપડેટ રહે, તેમની જિજ્ઞાસા વૃત્તિ કેળવાય અને યુવા શક્તિ જ્ઞાનસભર, માહિતી સભર બને તેવી વડાપ્રધાનશ્રીની નેમને પાર પાડવા ગુજરાત સરકારે આ ક્વિઝરૂપી અભિનવ પહેલ વર્ષ-૨૦૨૨થી કરી છે.

મુખ્યમંત્રીશ્રી એ શિક્ષણની મહત્તા સ્પષ્ટ કરતા ઉમેર્યું હતું કે શિક્ષણ માનવીને કંકરમાંથી શંકર બનાવે છે. જીવનમાં નવું જાણવાની, નવું શીખવાની અને નવુ કરવાની રૂચિ અને વૃત્તિ જ મનુષ્યની પ્રગતિ માટેના સબળ પાસાઓ છે, એમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ દરેક ક્ષેત્રે નવીનપણે વિચારવાની, નવુ કરવાની પ્રેરણા આપી છે.

'ગીતા'માં ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનના પ્રશ્નોના આપેલા જવાબ છે, તો ઉપનિષદોમાં પણ ઋષિમુનિઓ અને શિષ્યો વચ્ચેના સવાલ-જવાબ છેની વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે સવાલ-જવાબની પરંપરા ભારતની પ્રાચીન પરંપરા રહી છે અને ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ આ સમૃદ્ધ પરંપરાને આધુનિક ઢબે આગળ લઈ જવાનો એક પ્રયાસ છે.

દરેક પ્રશ્નના જવાબ 'ગૂગલ ગુરુ'પાસેથી મેળવતી આજની પેઢીને આ ક્વિઝના માધ્યમથી યાદશક્તિના આધારે જવાબો આપવાની અને મનન ચિંતન કરવાની ટેવ કેળવાશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે જણાવ્યું હતું કે આ ક્વિઝ માહિતીસભર અને ફ્યુચર રેડી ભાવિ પેઢી તૈયાર કરવાનું દૂરંદેશીભર્યું પગલું છે.

મુખ્યમંત્રીશ્રીએ ગત વર્ષની ક્વિઝની આંકડાકીય માહિતી આપતાં કહ્યું હતું કે વર્ષ ૨૦૨૨માં યોજાયેલી જ્ઞાનગુરુ ક્વિઝમાં રાજ્યભરના ૨૩ લાખથી વધુ નાગરિક સામેલ થયા હતા, જેમાંથી ૧ લાખ ૩૦ હજારથી વધુ વિજેતાઓને રાજ્ય સરકાર દ્વારા ઇનામો એનાયત કરવામાં આવ્યા હતા મુખ્યમંત્રીશ્રીએ અપેક્ષા વ્યક્ત કરી હતી કે વર્ષ ૨૦૨૩ ની આ જ્ઞાનગુરુ ક્વિઝ પાછલા વર્ષના તમામ રેકોર્ડ તોડશે.





## વાણીયાવાડીમાં વિદ્યાર્થીનો ગળાફાંસો ખાઈ આપઘાતઃ અરેરાટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વાણીયાવાડી મેઈન રોડ પર શ્યામ વાડી શેરીમાં ધર્મભકિત સંકુલ એપાર્ટમેન્ટમાં રહેતા કોલેજીયન યુવાને ગળાફાસો ખાઈ આપઘાત કરી લેતા ભકિતનગર પોલીસે આપઘાતનુ કારણ જાણવા મથામણ કરી હતી.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ધર્મ ભકિત સંકુલ એપાર્ટમેન્ટમાં રહેતા અને મુળ ધંધુકાનો વિશાલ જેન્તીભાઈ પરમાર (ઉ.૨૧) એ પોતાના રૂમમાં પંખામા દુપટ્ટો બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભકિતનગર પોલીસ મથકના એએસઆઈ યાસ્મીનબેન સહીતના સ્ટાફે તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં મૃતક વિશાલ બે ભાઈમાં મોટો અને પિતા ધંધુક ધંધુકામાં ખેતીકામ કરતા હોવાનુ પરીવારે જણાવ્યુ હતુ પોલીસની વધુ તપાસ કરતા વિશાલ એ અમદાવાદ માં ઈલેકટ્રીક એન્જીનીયરમાં સેમેસ્ટર ૧ પાસે કરી વધુ અભ્યાસ માટે રાજકોટ આવ્યો હતો અને અન્ય ૩ મિત્રો સાથે રહેતો હતો અને રાજકોટમાં એડમીશન નહી મળતા કેટલાક સમયથી ઈલેકટ્રોનીકનુ છુટક કામ કરતો હોવાનુ અને બપોરે તેના મિત્રો બહાર ગયા હતા તે દરમ્યાન એકલા યુવાને આ પગલુ ભરી લીધાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવતા પોલીસે આપઘાતનુ કારણ જાણવા કાર્યવાહી કરી હતી.

## અવધ પાર્ક સોસાયટીમાં ૪૮ બોટલ દારૂ સાથે બુટલેગર ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં દેશી-વિદેશી દારૂનું વેચાણ કરતાં બુટલેગરો પર પોલીસે ધોંસ બોલાવવાનું શરૂ કર્યું છે ત્યારે નવા થોરાળામાંથી ૪૮ બોટલ વિદેશી દારૂ સાથે રૂત્વિક ઉર્ફે રેહાંશ વિનોદભાઈ મકવાણાને થોરાળા પોલીસે પકડી પાડી આ દારૂ ક્યાંથી લાવ્યો, કેટલા સમયથી વેચી રહ્યો હતો તે સહિતની દિશામાં તપાસ હાથ ધરી છે. તપાસમાં ખૂલ્યા પ્રમાણે રૂત્વિકે દારૂનો જથ્થો અવધ પાર્ક સોસાયટી શેરી નં.૩, 'બહુચર નિવાસ' નામના પોતાના મકાનમાં જ છૂપાવી રાખ્યો હતો. જો કે તે વેચાણ કરે તે પહેલાં જ પોલીસે તેને દબોચી લીધો છે.

## ગોંડલમાં વેપારીને ચિકન દેવા કેમ આવતો નથી તેમ કહી ચાર શખ્સોએ માર માર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ માં આવેલ ભગવત પરા શેરી નંબર ૨૯ માં રહેતી અફસાના બેન દાઉદભાઈ ચૌહાણ નામની મહિલાએ ગોંડલ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે તેનો દીકરો સોહિલ રોમા ટોકીઝ પાસે બોમ્બે બિરયાની ની દુકાને ચિકન નો હિસાબ લેવા ગયો હતો ત્યારે કડિયા લાઇનમાં પહોંચતા કેજીએમ હોટલ પાસે ગલીમાં અહમદ એમદ ચૌહાણ તથા ઉસે અનામત તથા તસલીમ અહમદ તથા કયુ મહમદ એ અટકાવી તું કેમ ચિકન દેવા આવતો નથી તેમ કહી જાપટો મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા મહિલાએ ફરિયાદ નોંધાવી છે બનાવના પગલે ગોંડલ સીટી પોલીસના હેડ કોન્સ્ટેબલ એમએમ બોરીચાએ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## વાવડીમાં આવેલ કારખાનામાં યુવાનો ગળાફાંસો ખાય આપઘાત

**મુખ્ય સમાચાર રાજકોટ**


શહેરની ભાગોળે આવેલા વાવડી વિસ્તારમાં પરફેક્ટ શોરૂમ ની પાછળ ધન શ્રી મેટલ નમના કારખાનામાં રાહુલ બાલેન્દ્ર કુમાર રાજપુત નામના યુવાને કોઈ કારણોસર ગળાફાંસો ખાઈ લેતા બેભાન હાલતમાં ૧૦૮ ને જાણ કરવામાં આવતા ઈએમટી અતુલભાઇ સહિતનો સ્ટાફ દોડી જાય તેને બેભાન હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ મૃતક જાહેર કર્યો હતો બના અંગેની જાણ રાજકોટ તાલુકા પોલીસ ને કરવામાં આવતા હેડ કોસ્ટેબલ આરજી ચૌહાણ એ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## દેશના વિકાસમાં મોરબીના સીરામીક ઉદ્યોગનું મહત્વનું યોગદાન-રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

### મોરબીની વરમોરા ગ્રેનીટો ફેક્ટરીની મુલાકાત લેતા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી

**મુખ્ય સમાચાર, મોરબી**

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મોરબીની વરમોરા ગ્રેનીટો ફેક્ટરીની મુલાકાત લઈ ફેક્ટરીના ઉત્પાદનો તથા બનાવટ અંગેની તલસ્પર્શી વિગતો મેળવી હતી. સાથે સાથે મોરબીના સીરામીક ઉદ્યોગે ભરેલી વિકાસની હરણફાળની તેઓએ પ્રસંશા કરી હતી. તેમજ આ ઉદ્યોગનાં વિવિધ પાસાઓની જાણકારી મેળવી હતી. ગુજરાત તથા દેશના વિકાસમાં આ ઉદ્યોગનો મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે તેમ તેઓએ જણાવ્યું હતું.



રાજ્યપાલશ્રી સાથે આ મુલાકાત દરમિયાન ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા, કાંતિભાઈ અમૃતિયા, કલેક્ટર જી.ટી.પંડ્યા, એસ.પી. ડો. ગીરીશ પંડ્યા, ભરતભાઈ વરમોરા, પ્રમોદભાઈ વરમોરા, ચમનભાઈ દેત્રોજા, અશોકભાઈ પટેલ વગેરે જોડાયા હતા અને રાજ્યપાલને ફેકટરીની કાર્યપ્રણાલી તથા ઉત્પાદન સહિતની બાબતોથી અવગત કરાવ્યાં હતા.

## જામનગરમાં વિજયનગર વિસ્તારના રહેણાંક મકાનમાં ચાલતા જુગાર ધામ પર પોલીસનો દરોડોઃ પાંચ પત્તાપ્રેમીઓ પકડાયા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વિજયનગર વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં ચાલતા જુગાર ધામ પર પોલીસે દરોડો પાડયો હતો, અને પાંચ પત્તા પ્રેમીઓને ઝડપી લઇ ૧,૭૧,૦૦૦ની માલમતા કબ્જે કરી છે.જામનગરના વિજયનગર વિસ્તારમાં રહેતા રાજેશ ભીમશીભાઈ વરુ નામના શખ્સ ના રહેણાંક મકાનમાં જુગારધામ ચાલી રહ્યું છે, અને આસપાસના વિસ્તારમાંથી કેટલાક શખ્સો એકત્ર થઈને જુગાર રમવા આવી રહ્યા છે, જે બાતમી ના આધારે સીટી સી. ડિવિઝન પોલીસે દરોડો પાડ્યો હતો.જે દરોડા દરમિયાન મકાન માલિક સહિત પાંચ પત્તા પ્રેમીઓ જુગાર



રમતાં મળી આવ્યા હતા.આથી પોલીસે મકાન માલિક રાજેશ ભીમશીભાઈ વરુ તેમજ વિપુલ શંકરભાઈ દામા, અરજણભાઈ સીદાભાઈ આંબલીયા, રણછોડભાઈ તરશીભાઈ ધારવીયા અને રણજીતસિંહ દેવુભા રાઠોડ ની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૧,૭૧,૦૦૦ની માલમતા કબ્જે કરી છે.

## મોરબીના ઊંચી માંડલ ગામે ઉત્સાહભેર અક્ષત કળશ અર્પણ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના ઊંચી માંડલ ગામે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટ આયોજિત અક્ષત કળશ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મોરબી તાલુકાના ઊંચી માંડલ ગામ તથા આસપસના ગામોના મોટી સંખ્યામાં ભક્તોનું માનવ મહેરામણ ઉમટી પડ્યું હતું. આગામી તારીખ ૧ જાન્યુઆરી થી ૧૫ જાન્યુઆરી સુધી પૂજિત અક્ષત અને પ્રભુ શ્રી રામની છબી તેમજ ભગવાન શ્રી રામનો સંદેશ ઘર ઘર સુધી પહોંચાડવાનું આયોજનના ભાગરૂપે આ કાર્યક્રમ કરવામાં આવ્યો





હતો. જેમાં ગ્રામજનોએ અક્ષત કળશનું ઉત્સાહભેર સામૈયું કરીને કળશને રામજી મંદિર ખાતે સ્થાપિત કર્યો હતો.

## ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ બાલંભા સંગઠન મંડળ દ્વારા આગામી તા.૨૯ના યોજાશે મહા સ્નેહમિલન

### અતિથી વિશેષ તરીકે મહંત નરેન્દ્રબાપુ ગુરુ જીવરાજ બાપુ આપાગીગાનો ઓટલો ચોટીલાની ઉપસ્થિતિઃ રાજકોટમાં વસતા પરિવારોને ઉપસ્થિત રહેવા આયોજકોની અપીલ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ બાલંભા સંગઠન મંડળ રાજકોટ દ્વારા મુળગામ બાલંભા, માનપર અને રણજીતપર ગામ જનોનું રાજકોટમાં વસતા પરિવારો માટે નવું વર્ષ નવી આશાઓ, નવા વિચારો લઈને આવે છે. ગયા વર્ષે પૂરાં ન થયેલા સ્વપનો આ વર્ષે તો ચોક્કસ પૂરાં કરીશું એવો નિર્ધાર આ દિવસે કરીને લોકો દ્રઢ સંકલ્પ કરે છે નવી આશા ઉલ્લાસ સાથેનું નુતન વર્ષનું ત્રીજુ સ્નેહમિલન ગામના પરિવારજનો અને વડીલો ની ઉપસ્થિતમાં યોજવા જય રહિયા છે.

બાલંભા, માનપર તથા રણજીતપર સંગઠન મંડળ રાજકોટ ના પ્રમુખ નરસીભાઈ મનજીભાઈ સવાણી એ માહિતી આપતા જણાવેલ કે ત્રણ ગામના કાયકર્તા ની ટીમ દ્વારા આમંત્રણ તેમજ ભોજન પાસ નું વિતરણ કરી દેવામાં આવેલા છે.તેમજ કોય બાકી રહેલ સભ્યના પરિવાર જનો કાયકર્તા ટીમ નો સંપર્ક કરી નામ નોધાવી લેવા નમ્ર વિનતિ જેથી આ કાયક્રમ સામાજિક, આર્થિક, ધાર્મિક એમ બધી રીતે બેસતું વર્ષ નવી આશાનું કિરણ લઈને આવે છે. નૂતન





વર્ષ નવાં સાહસો કરવાની પ્રેરણા પૂરી પાડે છે. નવું વર્ષ ગત વર્ષે ન અંબાયેલા લક્ષ્યાંકો સિદ્ધ કરવાનું જોમ પૂરું પાડે છે. નવી આશા ઉલ્લાસ સાથેનું નુતન વર્ષનું ત્રીજુ મહા સ્નેહમિલન માં અતિથી વિશેષ તરીકે ગુર્જર ક્ષત્રિય જ્ઞાતિ સમસ્ત રાજકોટના પ્રમુખ તેમજ આપાગીગાનો ઓટલો (મોલડી) ચોટીલાના મહંત શ્રી નરેન્દ્રબાપુ ગુરુશ્રી જીવરાજ બાપુ ની ઉપસ્થિતિમાં તારીખ ૨૯-૧૨-૨૦૨૩ ને શુક્રવાર સમય સાંજે ૪:૦૦ કલાકે રાજકોટ શહેરના કોઠારીયા રોડ, રણુજા મંદિરની આગળ, પોલીસ સ્ટેશનની બાજુમાં, ક્રિષ્ના પાર્ટી લોન્સ,ખાતે મહા-પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

આ નુતન વર્ષનું ત્રીજુ મહા સ્નેહમિલન ના મુખ્ય મહેમાન તરીકે ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજ હાલાર વિભાગ-મોટી ના પ્રમુખ છગનભાઇ રાઠોડ, નારણભાઈ ખોલીયા, જાદવજીભાઈ રાઘવાણી, અને સમૂહ લગ્ન સમિતિ ના પ્રમુખ વિમલભાઈ જગદીશભાઈ સાપરિયા, તેમજ બાલંભા સેવા સમાજ સમિતિ ના પ્રમુખ પરેશભાઈ એમ. ટાંક, ઉપ-પ્રમુખ શાંતિભાઈ ઓ. રામાણી, ઉપ-પ્રમુખ દિનેશભાઈ એન. જાવિયા મંત્રી-ટ્રસ્ટી જાદવજીભાઈ આર. રાઘવાણી, સહ-મંત્રી દિપકભાઈ એમ. વાઘેલા, ટ્રસ્ટી મણીભાઈ ડી. રામાણી, કાંતિભાઈ ઓ. રામપરિયા, ટ્રસ્ટી હેમરાજભાઈ આર. ચૌહાણ, ટ્રસ્ટી કાંતિભાઈ વી. ચોટલીયા તમામ કારોબારી સભ્યશ્રીઓ તેમજ બાલંભા જ્ઞાતિ મંડળ સમિતિ પ્રમુખ સવજીભાઇ ગોહેલ, કાર્યકારી પ્રમુખ મિતેષભાઈ વી. રાઘવાણી, ઉપ-પ્રમુખ સંજયભાઈ એસ. વેગડ, મંત્રી રમેશભાઈ જે. સાપરિયા,સહ-મંત્રી ભગવાનજી એમ. ગાંગાણી, સહ-મંત્રી વિપુલભાઈ એચ. કાચા, ટ્રસ્ટી દિલીપભાઈ એન. રામપરિયા, ટ્રસ્ટી જીવરાજભાઈ બી. રામપરિયા, ટ્રસ્ટી રતિલાલભાઈ એ. સાપરિયા, ટ્રસ્ટી ભગવાનજીભાઈ ડી. સોલંકી સાથે તમામ કારોબારી સભ્યઓ ની ઉપસ્થિતમાં આ ભવ્યત્રીજુ મહાસ્નેહમિલન નવું વર્ષ ના રંગભ ખૂબ જ ઉમંગ ભર ઉજવણી કરવામાં આવી રહી છે. તો રાજકોટ માં વસતા સહ પરિવાર સાથે ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા જણાવામાં આવેલ છે.

આ ભવ્ય આયોજન ને સફળ બનાવવા માટે પ્રમુખ નરસિંહભાઈ સવાણી, મો. (૯૮૨૫૨ ૩૩૫૧૩) ઉપ-પ્રમુખ અશ્વિનભાઈ ચોથાણી,મો.(૯૦૩૩૪ ૬૩૨૮૭),સંગઠન મંત્રી હિતેશભાઈ રાઠોડ,મો.(૯૦૯૯૦ ૨૫૧૧૩) ખજાનચી નટુભાઈ રામપરિયા,મો.(૯૮૭૯૩ ૭૬૭૮૮)ખજાનચી પરેશભાઈ ચોટલીયા,મો.(૯૩૭૫૭ ૦૦૭૮૫) અને કાયદાકીય સલાહકાર જયંતીલાલ ગાંગાણી, પુનિતભાઈ રાઘવાણી, ભાવેશભાઈ સાપરિયા, ભાવિનભાઈ ચોટલીયા, ભરતભાઈ પરમાર, દિનેશભાઈ પરમાર, ભરતભાઈ રત્નાણી, નયેંદુભાઈ ટાંક, ગૌતમભાઈ ચોથાણી, મનોજભાઈ ગાંગાણી ના ગામ જનો જોડાઈને તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

# ગોંડલના ગુંદાસરા ગામે વિદેશી દારૂનો જથ્થો ભરેલું ગોડાઉન પકડાયું: રૂપિયા ૧૦.૭૬ લાખનો જથ્થો કબજે

## રાજકોટના નામચીન બુટલેગર ફિરોજ ઉર્ફે ફીરયો અને ધવલ સાવલિયા એ મંગાવેલો લાખોનો દારૂ રૂરલ એલસીબીએ ઝડપી લેતા બુટલેગરોમાં ફફડાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વિદેશી દારૂ નું વેચાણ કરતા બુટલેગરો થર્ટી ફર્સ્ટ ના તહેવારો પૂર્વે ભારે સક્રિય બન્યા હોય અને દારૂનો મસ્ત મોટો જથ્થો મંગાવવાનું શરૂ કરતાં પોલીસે પણ બુટલેગરો પર બાજ નજર રાખી છે તે દરમિયાન રાજકોટ રૂરલ એલસીબી ની ટીમે ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામની સીમમાં આવેલ એકતા ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં ગોડાઉનમાં ઉતારવામાં આવેલો રૂપિયા ૧૦.૭૬ લાખનો વિદેશી દારૂ અને બજ્ઞહયજ્ઞિ ાશભસીા માન સહિત ₹ ૧૪.૮૧ લાખનો મુદ્દા માલ કબજે કરી રાજકોટના બે નામચીન બુટલેગર ની શોધખોળ શરૂ કરી છે.



આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ રાજકોટના દેવપરા મેઇન રોડ પર ખ્વાજા એપાર્ટમેન્ટ સામે રહેતો અને અનેકવાર અગાઉ પોલીસ ચોપડે ચડી ચૂકેલો નામચીન બુટલેગર ફિરોજ ઉર્ફે ફીરયો હસમ મેણું અને ગોંડલના નાગડકા ગામે રહેતો અગાઉ રાજકોટમાં તથા ગ્રામ્યમાં અનેક વાર પોલીસ ચોપડે ચડી ચૂકેલો નામચીન બુટલેગર ધવલ રસિક સાવલિયા નામના બંને બુટલેગરો ગોંડલ તાલુકાના ગુંદાસરા ગામે એકતા ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં ભરત શામજી લાડાણી નમનાર વેપારીનું ગોડાઉન ભાડે રાખે તેમાં વિદેશી દારૂ નો જથ્થો ઉતારી કટીંગ કરતા હોવાની હકીકત રૂરલ એલસીબી ની ટીમને મળતા પીઆઇ વી ઓડેદરા પીએસઆઇ એચસી ગોહિલ પીએસઆઇ ડીજી બડવા હેડ કોન્સ્ટેબલ મહિપાલસિંહ સહિત નો સ્ટાફ ઉપરોક્ત સ્થળે દોડી જઈ ગોડાઉનમાં દોરો પડતા બોલેરો પીકપ વાન નંબર લષ ૪ ફૂ ૭૩૮૪ નંબરની વાનમાં રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના સૌના ગામનો પ્રેમકુમાર લિંબારામ રાવત નમના સકને દબોચી લઈ તપાસ કરતા બોલેરો પીકપ વાનમાં થી ગોડાઉનમાં ઉતારેલો ૩,૫૮૮ બોટલ વિદેશી દારૂની બોટલ કિંમત રૂપિયા ૧૦.૭૬ લાખ નો જથ્થો મળી આવતા પોલીસે પીકઅપ ફોન સહિત કુલ રૂપિયા ૧૫.૮૧ લાખનો મુદ્દામાલ કબજે કરી ગોડાઉનમાં હાજર નહીં મળી આવેલ રાજકોટના નામચીન બુટલેગર થી ફિરોજ ઉર્ફે ફીરયો અને ધવલ સાવલિયા ની શોધખોળ શરૂ કરી છે.

# સામા કાંઠે આવેલ મયુરનગરના ડેલામાંથી વિદેશી દારૂની રૂા.૧,૨૪૮ બોટલ કબજે: બુટલેગર ફરાર

## ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે દરોડો પાડતા બોલેરો પીક્અપ વાનમાં દારૂનું કટીંગ થાય તે પહેલા જથ્થો ઝડપી લીધો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં નાતાલના તહેવારો દરમિયાન બુટલીયાગરોએ દારૂ મંગાવવાનું શરૂ કર્યું હોય તેમ ક્રાઈમ બ્રાન્ચ સામા કાંઠે મયુર નગરમાં આવેલ શક્તિ ઇન્ડસ્ટ્રીઝ એરીયા માં વિદેશી દારૂનું કટીંગ થાય તે પહેલા જ ડેલામાંથી દારૂનો જથ્થો ભરેલી બોલેરો પીક ઝડપી લઇ રૂપિયા ૭.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કરી ચુનારાવાડના નામચીન બુટલેગરની શોધખોળ આદરી છે.



આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઇ જાડેજા અને ગોહિલ ની સૂચનાથી પીએસઆઇ કેડી પટેલ તથા કોન્સ્ટેબલ વિજયભાઈ મહેતા સહિતનો સ્ટાફ ગઈકાલે નાઈટ પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતની મળી હતી કે સામા કાંઠે મયુર નગરમાં આવેલ શક્તિ ઇન્ડસ્ટ્રીઝ એરિયામાં એક ડેલામાં નામચીન બુટલેગર અજય મોહન સરવૈયા વિદેશી દારૂનું કટીંગ કરવાનો હોય જેથી પોલીસે મયુર નગરમાં વોચ ગોઠવી હતી તે દરમિયાન બોલેરો પીકપ વન નંબર gj 4 aw 6023 લઈ ચાલક શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેનો પીછો કરતા મયુર નગરમાં શક્તિ ઇન્ડસ્ટ્રીઝ એરિયાના એક ડેલામાં બોલેરો ઘુસાડી દીધી ત્યારે બુટલેગર અજય મોહન સરવૈયા નાસી ગયો હતો. પોલીસે ડેલામાં રાખેલી બોલેરો વાનમાંથી ₹૧૨૪૮ બોટલ વિદેશી દારૂનો જથ્થો કબજે કરી બોલેરો માન સહિત કુલ રૂપિયા ૭.૮૦ લાખનો મુદ્દામાલ કબજે કરી નાસી ગયેલો નામચીન બુટલેગર અજય મોહન સરવૈયા ની શોધ કોડ હાજરી છે.

# કોઠારીયા રોડ પર મોબાઈલની દુકાનમાંથી ચોરી કરનાર બે તસ્કર ઝડપાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નાતાલ ના તહેવારો નિમિત્તે ક્રાઈમ બ્રાન્ચ ના ગોહિલ તથા પીઆઇ જાડેજા ની સૂચનાથી પી.એસ.આઇ. એમ જે હુણ  તથા તેમની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે શંકાસ્પદ રીતે કોઠારીયા રોડ પર થી સોરઠીયા વાડી ચોક બાપુનગર વિસ્તારમાં બે શખ્સો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી નામ ઠામ પૂછતા મૂળ યુપી નો અને હાલ જંગલેશ્વરમાં ભાડાના મકાનમાં રહેતો કમલેશ રામગોપાલ ચૌહાણ અને મુકેશ ખજાનચી ચૌહાણ નામના બંને



શક્ષોની આખરી પૂછપરછ કરતા તેઓએ અગાઉ કોઠારીયા રોડ પર આવેલ ચામુંડા મોબાઈલ નામની દુકાન માંથી મોબાઈલ તથા રોકડની ચોરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે રૂપિયા ૪૭,૨૩૯ મો મુદ્દામાલ કબજે કરી બંનેની ધરપકડ કરી ધોરણ સરની કાર્યવાહી યાદ કરવામાં આવી છે.

# કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે ડમ્પરે રિક્ષાને ઠોકરે ચડાવતા પિતા-પુત્રના મોત

## મહિલા સહિત વધુ ચારને ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડાયા: બી.ડિવિઝન પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કુવાડવા રોડ ઉપર નવાગામ નજીક રિક્ષા અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં પિતા-પુત્રના ઘટના સ્થળે જ મોત થયા હતા જ્યારે દંપતિ સહિત ચાર મુસાફરોને ઇજા થઈ હતી જેમાં એક વ્યક્તિનો પગમાં ગંભીર ઇજા થઈ હતી. અકસ્માત બાદ ગ્રીનલેન્ડ્ ચોકડીથી કુવાડવા તરફનો ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ ગયો હતો. ટ્રાફિક અને બી-ડિવિઝન પોલીસે ઘટના સ્થળે જઈ ટ્રાફિક વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.



આ અંગેની માહિતી મુજબ નવાગામ તરફથી આવતી રિક્ષા ગ્રીનલેન્ડ્ ચોકડી તરફ જતી હતી અને માલીયાસણ તરફ થી આવતો ટ્રક પણ ગ્રીનલેન્ડ્ ચોકડી તરફ જતો હતો ત્યારે જૂના કુવાડવા રોડ પોલીસ મથક પાસે જ રિક્ષાને રેતી ભરેલા ડમ્પરે ઠોકર મારી હતી અને રિક્ષા ફંગોળાઈ ગઈ હતી. રિક્ષામાં બેઠેલા રણછોડવાડીમાં રહેતા પ્રવિણ પરસોતમભાઈ ગરસંદીયા (ઉ.વ.૪૪) અને પુત્ર મયંક પ્રવિણભાઈ ગરસંદીયા (ઉ.વ.૧૮)નાં ઘટના સ્થળે જ મોત થયા હતા જ્યારે રિક્ષામાં બેઠેલા ચાર મુસાફરોને ઈજા થઈ હતી જેમાં જનકબા મહેન્દ્રસિંહ પરમાર, મધુબેન નારણભાઈ જાદવ તેના પતિ નારણભાઈ હરજીભાઈ જાદવ અને એક ચાલકને ઈજા થતાં તમામને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જી ડમ્પર ડીવાઈડર ઉપર ચડી ગયું હતું.

બનાવ બાદ કુવાડવા રોડ અને ગ્રીનલેન્ડ્ ચોકડી આસપાસ ટ્રાફિક જામ સર્જાયો હતો. બી-ડિવિઝન પોલીસ મથકના પી. આઈ બારોટ સહિતનો સ્ટાફ તેમજ ટ્રાફિક પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ટ્રાફિક વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો. અકસ્માતમાં પિતા-પુત્રના મોતથી પરિવારના બે સભ્યોને ગુમાવવાથી પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે. આ અકસ્માતમાં રીક્ષા ચાલકને પગમાં ગંભીર ઈજા થયાનું અને પગ કાપવો પડે તેવી સ્થિતિ ઉભી થઈ હોવાનું જાણવા મળ્યું છે.

# જામનગર રોડ પર ટ્રક ચાલકે કારને ઠોકરે ચડાવી: મોટી દુર્ઘટના સહેજમાં ટળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર ન્યારા ગામના પાટિયા પાસે બીએમડબલ્યુ ૧૪- કારને ટ્રકે હડફેટે લેતાં પાંચ લોકોના જીવ તાળવે ચોટ્યા હતા. સદ્નસીબે કારના ચાલકે સમયસુચક્તા વાપરી કાર થંભાવી દેતાં મોટી દૂર્ઘટના સ્હેજમાં અટકી હતી.




આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં રહેતા રમેશભાઈ, તેમના પત્ની, પુત્ર, સાળો અને સાળાના પત્ની સહિતનો પરિવાર બીએમડબલ્યુ કાર નં.જીજે ૨૩બીડી-૯૪૫૦માં રાજકોટથી આમરણ જઈ રહ્યો હતો. તેમણે આમરણ જવા માટે ધ્રોલનો રસ્તો પસંદ કર્યો હતો. જો કે તેઓ ન્યારાના પાટીયા પાસે આવેલા રેડિયો સ્ટેશન નજીક પહોંચ્યા કે ત્યાંથી પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલો જીજે૧૦એક્સ-૫૦૧૪ નંબરના ટ્રકે કારને હડફેટે લેતાં થોડો સમય માટે પરિવારનો જીવ તાળવે ચોટી ગયો હતો.

આ પછી કાર ઉભી રાખીને ટ્રક પણ થંભાવી દેવાયો હતો અને ટ્રકના ચાલકની પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ વિનુ ગણાવ્યું હતું. ત્યારબાદ રમેશભાઈએ ટ્રકના માલિકને ફોન કરીને આ અંગે વાત કરતાં તેણે લાજવાને બદલે ગાજતા કહ્યું હતું કે તમારે કેસ કરવો હોય તો કરી દો, અમે ત્યાં આવવા માટે નવરા નથી !! ઉંડાણપૂર્વકની તપાસ કરતાં ચાલક પાસે ડ્રાઈવિંગ લાયસન્સ સહિતના કોઈ જ પૂરાવા ન હોવાનું ધ્યાન પર આવતાં રમેશભાઈએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.

# જૂનાગઢમાં ખાનગી ચેનલના પત્રકાર ઉપર રોપ-વેના કર્મચારી દ્વારા હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ નાતાલનો પર્વ હોવાથી લોકો રજાની મજા માણવા ભવનાથ સહિતના વિસ્તારોમાં ઉમટી પડ્યા છે ત્યારે ગિરનાર રોપ વે સાઈડ પર પણ મેરામણ ઉમટી પડતા જુનાગઢ ના ખાનગી ચેનલના રિપોર્ટર અમારા બખાઈ ત્યાં કવરેજ કરવા પહોંચ્યા તે સમયે રોપવેના સંચાલકો દ્વારા ગેરવર્તન કરી પત્રકારને માર મારવામાં આવ્યો છે. પત્રકાર અમાર બખાઈ એ જણાવ્યું હતું કે બાર વાગ્યાના સમયે ભવનાથ રોપ વે સાઈડ પર કવરેજ કરવા પહોંચ્યો ત્યારે



રોપ વે સાઈડ થી બહારથી કવરેજ કરતો હતો અને ત્યાં અચાનક જ એ રોપ વેનો કર્મચારી આવી અને તું કોણ છો?

શા માટે શૂટિંગ કરે છે ત્યારે આ પત્રકારે કહેલ કે એક ખાનગી ચેનલમાં ફરજ બજાવું છું. અને રોપ વે ભીડનુ કવરેજ કરવા આવ્યો છું. આજે ટ્રાફિક છે એટલા માટે જ્યારે ભરત નામના કર્મચારીએ અભદ્ર શબ્દો બોલી અને તેમના મેનેજર કુલવીર સિંહ બેડીએ ત્યાં આવી અને ત્યાં પત્રકાર અમર બખાઈ સાથે અભદ્ર ભાષામાં વ્યવહાર કરી ગળું દબાવી માર માર્યો હતો. બાદમાં પત્રકારના બંને મોબાઈલ જૂટવી વિડિયો ડિલીટ કરાવ્યા હતા.

ત્યારે ઈજા પામનાર પત્રકાર અમાર બખાઈને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો અને જ્યાં તેમને ડોક્ટર દ્વારા સારવાર આપવામાં આવી રહી છે.

# રેલ નગર વિસ્તારની યુવતીને ઉલટી થતા સારવારમાં ખસેડાઈ: ગર્ભવતી હોવાનું ખુલ્યું

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના રેલ નગર વિસ્તારમાં રહેતી એક ૨૨ વર્ષે યુવતીને ઘરે ઉલટી થતા સારવારમાં ખસેડવામાં આવતા તબીબોએ તેણે ગર્ભવતી હોવાનું જણાવતા પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી કુવારી યુવતી ને એક માસનો ગર્ભવવાનું તબીબો એ જાહેર કરી પ્રાનગર પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ સી જે ઝાલાએ પ્રાથમિક તપાસ કરી હતી પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે આ કુમારી ૨૨ વર્ષની યુવતી તેની જ જ્ઞાતિના એક યુવક સાથે પ્રેમમાં હોય બંને લગ્ન કરવાના હોય અને બંને વચ્ચે શરીર સંબંધ સહમતી બંધાયો હોય જેથી યુવતી ને એક માસનો ગર્ભ રહી ગયો હતો બંને લગ્ન કરવાના હોય જેથી યુવક અને યુવતીના પરિવારજનોએ ફરિયાદ નોંધવાનો અધિકાર કરતા પોલીસે પ્રાથમિક તપાસ કરી હતી.

# જેતપુરમાં પત્ની સાથે છૂટાછેડા કરવા પતિએ બોગસ ડોક્યુમેન્ટ ઊભા કરી નોટરી કરાવી

## લુણીધાર ગામે માવતરના ઘરે રહેતી મહિલાને જાણ થતા પતિ સસરા અને નોટરી સામે જેતપુર સીટી પોલીસમાં ગુનો નોંધાવ્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

જેતપુર શહેરમાં પતિ પત્નીના વિવાદમાં પતિ અને સસરા એ મળી નોટરી સાથે પૂરો આયોજિત કાવતરું રચી તેની પત્નીના છૂટાછેડાના કાગળિયા બનાવી રજૂ કરતા પતિ અને સસરા નો પાંડવો ફૂટી જતા મહિલાએ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જેતપુર ગોંડલ હાઈવે પર આવેલા ચરખડી ગામે રહેતી અને હાલ અમરેલીના કુકાવાવ તાલુકાના લુણીધાર ગામે રહેતી સંગીતાબેન હિતેશભાઈ સોલંકી નામની મહિલાએ જેતપુર સીટી પોલીસમાં તેના પતિ જીતેશ નાજા સોલંકી સસરા નાજા છગન સોલંકી અને જેતપુરમાં નોટરી નું કામ કરતો સત્યન ગોસાઈ નામના ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે કે તેના પતિ સહિતના સાસરિયાંઓ માનસિક ત્રાસ આપતા હોય જેથી તે માવતર ના ઘરે ચાલી ગઈ હતી તે દરમિયાન પ્રતિ સહિતના ત્રણેય શકશો એ પૂર્વા આયોજિત ગુનાહિત કાવતરું રચી જેતપુર ખાતે ₹૩૦૦ નો સ્ટેમ્પ ખરીદ કરી મહિલાના આધાર કાર્ડ નો ઉપયોગ કરી ખોટા બોગસ છૂટાછેડાના કાગળિયા બનાવી મહિલાની ખોટી સહીઓ કરી ખોટું નોટરી કરાર કરી ખોટી ઓળખ આપી દસ્તાવેજનો સાચા તરીકે ઉપયોગ કરી રજીસ્ટર કરાવતા કારસ્તાન બહાર આવ્યું હતું. જેના પગલે મહિલાએ જેતપુર સીટી પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે પતિ સસરા અને નોટરી સામે ગુનો નોંધી પીએસઆઇ વીસી પરમારે ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# સોની બજારના વેપારીને પંજાબના પિતા-પુત્રએ લગાવ્યો રૂા.૧૩.૭૬ લાખનો ચુનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભક્તિનગર સર્કલ નજીક મયુર પાર્કમાં રહેતા અને સોની બજારમાં સવજીભાઈની શેરીમાં દર્શન જવેલર્સ નામે ઘરેણા બનાવવાનો વેપાર કરતાં રૂપેશભાઈ સુરેશભાઈ સોની (ઉ.વ.૪૦) સાથે પંજાબના અમૃતસરના ગુરૂચરણસિહ ઉર્ફે બીરૂ હરિન્દરસિહ અને તેના પુત્ર હરમનપ્રિતસિહએ ઘરેણાની ખરીદીમાં ૧૩ લાખની છેતરપિંડી કરતાં બંને સામે ગુનો દાખલ થયો છે રૂપેશભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે, તે ૨૦૦૪થી અલગ-અલગ રાજ્યોમાં દાગીના બનાવી વેચવાનો ધંધો કરે છે ૨૦૧૦માં પંજાબમાં ૧૦ વેપારીઓ સાથે ઘરેણા વેચવાનો વ્યવહાર હતો. તે સમયે અમૃતસરમાં સેવરીન જવેલર્સ ધરાવતા આરોપી પિતા-પુત્ર વહીવટ કરતા હતા. પિતા પુત્ર સાથે ૬-૭ વખત ઘરેણા વેચવા વ્યવહાર થયો હતો. પરંતુ સમયસર રૂપિયા નહિ આપતા તેની સાથે આર્થિક વેપાર બંધ કર્યો હતો. બાદમાં વર્ષ ૨૦૨૦માં પિતા-પુત્રએ સામેથી સંપર્ક કરી પાકા બીલથી ઘરેણા વેચવા મોકલવા અને પૈસા આર.ટી.જી.એસ. આપવાનું કહેતા વિશ્વાસ મુકી રૂા. ૨૯.૩૧ લાખનો માલ મોકલ્યો હતો જેના બદલે આરોપીઓએ ૧૫.૫૪ લાખ પરત આપી દીધા હતા. અને બાકીના લેણા રૂા. ૧૩.૭૬ લાખ અમૃતસરના ગુરૂચરણસિહ ઉર્ફે બીરૂ હરિન્દરસિહ અને તેના પુત્ર હરમનપ્રિતસિહએ પરત આપતા ન એ-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા પીઆઇ ડી.એમ.હરિપરા સહિતના સ્ટાફે વધુ તપાસ શરૂ કરી છે.

# ચોરવાડ PGVCLના કર્મચારીનો ઝેરી દવા પી આપઘાત

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

ચોરવાડ પીજીવીસીએલમાં નોકરી કરતા એક યુવાને ગઈકાલે નોકરી ઉપર જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો, અને રસ્તામાં જૂથળ પાસે ઝેરી દવા પી તેના તેનું મોત થયાનું સામે આવ્યું છે. માળીયાના જશાપર ખાતે રહેતો ભાવેશ વિરાભાઈ ગરચર ઉ.૪૩ નામનો યુવક ચોરવાડ પીજીવીસીએલમાં નોકરી કરે છે, અને તા.૨૩ ના રોજ તે નોકરી ઉપર જવાનું કહીને ઘરેથી નીકળ્યો હતો, બાદમાં માળીયાના જૂથળ રામવાવ પાટિયા પાસે આવેલ નવરંગ હોટલ પાસે કોઇપણ કારણોસર ઝેરી દવા પી લઈને આપઘાત કરી લીધાનું જલ્પાબેન ભાવેશભાઈ ગરચરએ માળિયા પોલીસમાં જાહેર કરતા હેડ કોન્સ્ટેબલ એન.એમ.ધ્રાંગડ દ્વારા તપાસ શરુ કરવામાં આવી છે.

# મેટોડા જીઆઈડીસીના કારખાનામાં લાગેલી આગના કારણે થયેલુ નુકસાન ભરપાઈ કરવા વેપારીને મળી ધમકી

## ચાર શખ્સોએ કાવતરૂ રચી રૂા.૫૦ લાખ આપી દેવા ધમકી આપી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કારખાનેદાર પાસેથી પોતાની નુકશાનીના રૂપિયા ૫૦ લાખ લેવા માટે થયેલી મીટીંગમાં ચાર શખ્સોએ એકસંપ કરી વેપારીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા બનાવ મામલે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. રાજકોટ બાલાજી બંગલો નંબર ૩૮ માં રહેતા લલીતભાઈ મંગાભાઈ ગજેરાએ આરોપીઓ જીતુભાઈ બોદર, ધીરૂભાઈ બોદર, વિનુભાઈ બોદર અને અભિનવ ઇન્સેસ અગરબતી વાલા પપ્પુભાઈ રહે બધા રાજકોટ શહેર વાળા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે જેમાં જણાવ્યું છે કે મેટોડા જીઆઈડીસી પાણીના ટાંકા પાસે ગેટ નંબર ૩ માં રીલાયેબલ વાલ્વ જે પ્લોટ નંબર જી. ૫૪૭ રોડ નંબર જી.૧ લોધિકા ખાતે આવેલ છે જે કારખાનાની જુમાં પપ્પુભાઈનું અભિનવ ઈન્સેસ નામનું અગરબતીનું કારખાનું આવેલ છે. ગત તા. ૨૧-૧૧ ના રોજ પપ્પુભાઈના અગરબતીના કારખાનામાં આગ લાગી હતી અગાઉ ફરિયાદીએ કારખાનું ખાલી કરીને ચીભડા ગામની સીમમાં ટ્રાન્સફર કરી નાખ્યું હતું અને સ્ટ્રક્ચર ઉતારવા માટે બે માણસો મજૂરીએ મોકલ્યા હતા અને પપ્પુભાઈના અગરબતી કારખાનામાં આગ લાગતા પપ્પુભાઈ અને તેના કારખાનાના માલિક જીતુભાઈ બોદર, ધીરૂભાઈ બોદર અને વિનુભાઈ બોદરએ ખોટા આક્ષેપ કરેલ કે તમારા માણસો મેટોડા જીઆઈડીસીમાં તમારા કારખાનાનું લોખંડ સ્ટ્રક્ચર ઉતારતા હતા ત્યારે સ્પાર્ક થવાથી અમારા કારખાનામાં આગ લાગી છે તેવા આક્ષેપો કરી નુકશાની પેટે રૂપિયા ૫૦ લાખની માંગણી કરી હતી જેથી ફરિયાદીએ તમારા કારખાનામાં આગ લાગી તેમાં અમો શું કરી ? જેથી મીટીંગ કરવાનું નક્કી કર્યું હતું અને તા. ૦૧-૧૨ ના રોજ મીટીંગમાં જીતુભાઈ બોદર, ધીરૂભાઈ બોદર, વિનુભાઈ બોદર અને પપ્પુભાઈ ફરિયાદીના કારખાને ચીંભડા ખાતે આવ્યા હતા જ્યાં મીટીંગ રૂમમાં ચર્ચા ચાલુ હોય ત્યારે આરોપીઓ ઉશ્કેરાઈ જઈને ગાળો આપવા લાગ્યા અને અમારી નુકશાનીના ૫૦ લાખ આપી દેજો નહીંતર જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT